| તાપમાન | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| નવસારી | ૩૪.૦° સે. | ૨૪.૦° સે. |
| આહવા | ૩૬.૦° સે. | ૧૯.૦° સે. |
| વલસાડ | ૩૩.૦° સે. | ૨૨.૦° સે. |
| વાપી | ૩૩.૦° સે. | ૨૨.૦° સે. |

## નવસારીમાં પરિણીતાને ત્રાસ આપનારા સાસરીયા સામે ગુનો નોંધાયો

**દહેજ** પેટે રૂપિયા 10 લાખ લાવવા માટે દબાણ કરી માંગણી પૂર્ણ ન થતા ત્રાસ આપવામાં આવતો હતો

નવસારી : નવસારી શહેરમાં પરિણીતાને શારીરિક તેમજ માનસિક ત્રાસ આપ્યા અને દહેજની માંગણી કર્યાની ફરિયાદ સામે આવતા પતિ સહિત પાંચ સાસરીયા સામે નવસારી મહિલા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે.

મળતી માહિતી મુજબ ફરિયાદી પ્રિયંકા દર્શિત પંકજકુમાર શાહ (ઉ.વ.29, રહે. અશોકા ટાવર, ફાયર સ્ટેશન પાસે, સ્ટેશન રોડ, સાંઢકુવા પોલીસ ચોકી સામે, નવસારી)એ નવસારી મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ અનુસાર લગ્ન બાદ સાસરીયા દ્વારા વારંવાર ઘરકામના મુદ્દે ઝઘડા કરી માનસિક તથા શારીરિક ત્રાસ આપવામાં આવતો હતો.

ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીઓમાં પતિ દર્શિત પંકજકુમાર શાહ, સસરા પંકજકુમાર હીરાચંદ શાહ, સાસુ પારૂલ પંકજકુમાર શાહ, નણંદ ચાર્વી વિરલ કોઠારી (મુંબઈ) તેમજ કાકા સસરા આનંદભાઈ હીરાચંદ શાહ (આશાનગર, રૂદ્રાક્ષ એપાર્ટમેન્ટ, નવસારી)નો સમાવેશ થાય છે. ફરીયાદીબેનના આક્ષેપ મુજબ સાસરીયાઓ દ્વારા પતિને વારંવાર ચઢામણી કરવામાં આવતી હતી, જેના કારણે પતિ ઘરકામના મુદ્દે ઝઘડો કરી ગાળો આપતા તેમજ મારપીટ કરતા હતા.

વધુમાં ફરીયાદમાં એવો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે કે દહેજ પેટે રૂપિયા 10 લાખ લાવવા માટે દબાણ કરવામાં આવતું હતું. દહેજની માંગણી પૂર્ણ ન થતા વારંવાર મેહણા-ટોણા મારવામાં આવતા અને માનસિક ત્રાસ આપવામાં આવતો હતો. આ સમગ્ર મામલે નવસારી મહિલા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર કે.જે. ચૌધરી દ્વારા ફરિયાદના આધારે ગુનો નોંધવામાં આવ્યો છે અને સમગ્ર ઘટનાની તપાસ હાથ ધરવામાં આવી છે.

### ઉનાળો શરૂ થાય એટલે વલસાડના તળાવમાંથી માટી ખોદવાની આવતી મોસમ

# મોટી ચણવઈના તળાવમાંથી ખુલ્લેઆમ કઢાઈ રહેલું પાણી

**ઉનાળામાં** કુદરતી જળસ્રોતનું નુકસાન કરનારા સામે દમણગંગા નહેર વિભાગ ધૃતરાષ્ટ્રની ભૂમિકામાં

**તળાવ** ઉંડું કરવા સરકારની યોજનાનો લાભ લેવા માફિયાઓ માટી માટે પાણી ખાલી કરી દે છે

**તળાવમાં** એક-બે નહીં પણ 4-4 શક્તિશાળી મોટરો ઉતારીને ગેરકાયદે કાઢવામાં આવતું પાણી





વલસાડ : વલસાડમાં ઉનાળો શરૂ થાય એટલે તળાવમાંથી માટી ખોદવાની મોસમ આવે છે. તળાવ ઉંડું કરવા સરકારની યોજનાનો લાભ લેવા કેટલાક માટી માફિયાઓ માટી માટે તળાવનું પાણી જ ખાલી કરી દેતા હોય છે. કુદરતી સ્ત્રોતના નુકસાન સામે વહીવટી તંત્ર પણ મૌન બની જતું હોય છે. જેના કારણે આજરોજ વલસાડ નજીકના ચણવઈ ગામના દેસાઈવાડ પાસે આવેલા તળાવમાંથી બેફામ રીતે પાણી બહાર કઢાઈ રહ્યું હોવાના દ્રશ્યો બહાર આવ્યા હતાં. જેને લઈ દમણગંગા નહેર વિભાગની કામગીરી શંકાના દાયરામાં મુકાઈ ગઈ હતી.

વલસાડ મોટી ચણવઈ ગામમાં દેસાઈવાડ સ્થિત તળાવમાં એક-બે નહીં પણ 4-4 શક્તિશાળી મોટરો ઉતારીને ગેરકાયદે રીતે પાણી ખાઢવામાં આવી રહ્યું હોવાના દ્રશ્યો સર્જાયા હતાં. જેનો વિડીયો પણ સોશિયલ મીડિયામાં વાઈરલ થયો હતો. ખેતી કે અન્ય વ્યવસાયિક હેતુ માટે કુદરતી સંપત્તિ એવા તળાવના પાણીનો આવો વેડફાટ જનતા માટે જોખમી છે. ગ્રામજનોના જણાવ્યા અનુસાર, જો અત્યારથી જ તળાવ ખાલી કરી દેવામાં આવશે, તો ભર ઉનાળે પશુઓ અને ઘરવપરાશ માટે પાણી ક્યાંથી લાવવું? ઉનાળામાં પાણીની તંગી સામે આ રીતે તળાવમાંથી ઉલેચાતા પાણી સામે વહીવટી તંત્ર પણ કામે લાગે એ જરૂરી બન્યું છે.

## સંક્ષિપ્ત સમાચાર

### પર્યાવરણની સુરક્ષા નહીં કરો તો હજુ કપરા દિવસો આવી શકે : પૂ. જૈનાચાર્ય



સુરત : પાલઘર સ્થિત શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ શ્વે.મૂર્તિપૂજક જૈન સંઘમાં જૈનાચાર્ય પૂ. પદ્મદર્શનસૂરિજી મહારાજ અને પૂ. પંન્યાસપ્રવર કલ્પવલ્લભ વિજયજી મહારાજની પધરામણી થઈ હતી. આ પાવન અવસરે પૂ. આચાર્ય પ્રવરશ્રીએ જણાવ્યું હતું કે, સાંપ્રત સમયમાં ઋતુચક્ર બદલાતું જાય છે. ઋતુચક્રની સાથે વિશ્વના વાતાવરણમાં ભારે બદલાવ આવ્યો છે. પર્યાવરણની સુરક્ષા નહીં કરવામાં આવે તો હજુ પણ કપરા દિવસો આવી શકે છે. ભારતીય સંસ્કૃતિ ઋષિ અને કૃષિ આધારિત હતી. સંતોની મઢેલી ધરતીમાં ક્યારેય પાણીના દુષ્કાળ નહોતા પડતા. નદીઓ બારેય મહિના ખળખળ વહેતી હતી. ઘરે ઘરે પશુધન હતું. દૂધ વેચાતું નહોતું. જ્યારથી ડેરીઓ આવી અને ખેડૂતોની જમીનો ટ્રેક્ટરોથી ખેડાવા માંડી ત્યારથી બળદો કતલખાને પહોંચવા માંડ્યા છે. વસુકી ગયેલી ગાયોને પણ ખેડૂત છેક સુધી એની માવજત કરતો હતો. પશુના છાણ અને મૂત્રથી ખેતરમાં જીવોત્પત્તિ નહોતી થતી. અનાજમાં મીઠાશ પણ હતી. આજે બધું ગાયબ છે. ખેડૂત પાયમાલ થયો છે. મલ્ટીનેશનલ કંપનીઓ અને ફેક્ટરીઓ જ્યારથી આવી ત્યારથી આ દેશને બીજાની ઉપર આધાર રાખવો પડે છે.

### વાપીમાં જય ફાઈન કેમમાં બાપુજીની પાંચમી પુણ્યતિથિએ રક્તદાન કેમ્પ યોજાયો



વાપી : સેવા અને કરુણાના વારસાને આગળ વધારનાર જય ફાઈનકેમ પ્રા. લિ.ના પ્રણેતા સ્વ. કાનજી સુંદરજી દામા (બાપુજી)ની પાંચમી પુણ્યતિથિએ વાપીમાં જય ફાઈનકેમ પ્રા. લિ. ના પ્રાંગણમાં રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ૭૨ યુનિટ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું. કંપનીના સંચાલક પ્રકાશ ભદ્રાએ સૌને આવકાર્યા હતાં. કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે વાપી નોટિફાઈડ એરિયા ઓથોરિટીના ચેરમેન મગનભાઈ સાવલિયા, વીઆઈએના ઓનરરી સેક્રેટરી કલ્પેશ વોરા, જોઈન્ટ સેક્રેટરી ચંદ્રેશ મારુ, રોટરી ક્લબ ઓફ વાપીના પ્રેસિડેન્ટ પરાગ વોરા, સેક્રેટરી સાગર દેવાની, વાપી ગ્રીન એન્વાયરો કંપનીના સીઈઓ જતીનભાઈ મહેતા, ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડના એ. જી. પટેલ, બ્લડ મોબાઈલ વેનના ચેરમેન કેતન પટેલ, સરીગામ એસોસિયેશનના પ્રમુખ કૌશિક પટેલ સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતાં.

### માલનપાડામાં ભાજપ પ્રદેશ અધ્યક્ષનું કાર્યકરોને માર્ગદર્શન




ધરમપુર : ધરમપુરના માલનપાડામાં ભાજપ કાર્યકરોનુ સંમેલન યોજાયું હતું. કાર્યક્રમમાં ગુજરાત પ્રદેશ ભાજપના અધ્યક્ષ જગદીશભાઈ પંચાલ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ડબલ એન્જિન સરકાર દ્વારા છેવાડાના માનવી સુધી વિકાસના ફળ પહોંચાડવામાં આવી રહ્યા છે. ભાજપનું સંગઠન કાર્યકરોની શક્તિ પર ઉભું છે અને કાર્યકરો જ પાર્ટીના મજબૂત આધારસ્તંભ છે. આવનારી તાલુકા, જિલ્લા પંચાયત અને નગરપાલિકાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને કાર્યકરોને સંગઠન વધુ મજબૂત બનાવવા અને સરકારના વિકાસકાર્યોને જનજન સુધી પહોંચાડવા અપીલ કરી હતી. વિપક્ષ પર પ્રહાર કરતાં તેમણે જણાવ્યું કે વિકાસના મુદ્દે કોંગ્રેસ સંપૂર્ણપણે નિષ્ફળ ગઈ છે, તેથી જનતાને ગેરમાર્ગે દોરવાના પ્રયાસો કરી રહી છે. કાર્યક્રમ દરમિયાન બૂથ અને શક્તિ કેન્દ્રના પ્રમુખોને મંચ પર સ્થાન આપી સંગઠનના પાયાના કાર્યકરોનું સન્માન કરવામાં આવ્યું હતું, જેને કાર્યકરોમાં નવી ઊર્જા અને ઉત્સાહ જગાવનાર પહેલ તરીકે વખાણવામાં આવી હતી. આ પ્રસંગે પ્રદેશ મહામંત્રી પ્રશાંતભાઈ કોરાટ, રાજ્યના નાણાંમંત્રી કનુભાઈ દેસાઈ, જિલ્લા ભાજપ પ્રમુખ હેમંતભાઈ કંસારા, સાંસદ ધવલભાઈ પટેલ અને ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ, ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી સહિત અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. મોટી સંખ્યામાં કાર્યકરોની હાજરીથી સમગ્ર કાર્યક્રમ ઉત્સાહ અને ઉર્જાભેર પૂર્ણ થયો હતો.

## દુકાળમાં અધિક માસ , ગેસલાઇનમાં ભંગાણથી ઘરના ચૂલા બંધ થયા

**નવસારીના** ધર્મીનગર વિસ્તારમાં ગેસલાઇનમાં ભંગાણ પડતા 700થી વધુ ઘરના ચૂલા બંધ થયા

**પાઇપલાઇન** પુલિંગ દરમિયાન લાઇન તૂટી જતા પુરવઠો ખોરવાયો



નવસારી : નવસારી શહેરના ધર્મીનગર વિસ્તારમાં ગેસ લાઇનમાં ભંગાણ પડતા આશરે 700થી વધુ ઘરોમાં ગેસ પુરવઠો બંધ થઈ ગયો હતો. ઘટનાને પગલે વિસ્તારમાં થોડો સમય ચકચાર મચી હતી.

મળતી માહિતી મુજબ વિસ્તારમાં પાઇપલાઇન પુલિંગની કામગીરી દરમિયાન ગેસ લાઇનને નુકસાન પહોંચતા તેમાં ભંગાણ પડ્યું હતું. જેના કારણે સુરક્ષાના પગલે તાત્કાલિક ગેસ પુરવઠો બંધ કરવામાં આવ્યો હતો. પરિણામે આસપાસના આશરે 700થી વધુ ઘરોમાં ગેસના ચૂલા બંધ થઈ જતા રહેવાસીઓને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

ઘટનાની જાણ થતા ગુજરાત ગેસ કંપનીની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી અને ગેસ લાઇનના મરામત તથા મેન્ટેનન્સની કામગીરી શરૂ કરવામાં આવી હતી. સાથે સાથે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ફાયર વિભાગની ટીમ પણ સ્થળ પર પહોંચી સતર્કતા દાખવી હતી.

આ દરમિયાન પરિસ્થિતિ પર નિયંત્રણ રાખવા તથા સુરક્ષાની દૃષ્ટિએ નવસારી ગ્રામ્ય પોલીસ દ્વારા સ્થળ પર બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. ગેસ લાઇનમાં પડેલા ભંગાણને પગલે વિસ્તારમાં થોડીવાર માટે ગેસ પુરવઠો ખોરવાયો હતો, જોકે સંબંધિત વિભાગ દ્વારા મરામતની કામગીરી હાથ ધરાતા વહેલી તકે પુરવઠો પુનઃસ્થાપિત થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

## વાપીના વકીલ પુત્રના મોત કેસમાં આરોપીની 69 દિવસ બાદ ધરપકડ

**દમણમાં રોંગ** સાઈડથી પુરપાટ ઝડપે આવતી કારના ચાલક અન્ય કારને અડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો

**કોર્ટે** નમો આરોપીના મેડિકલ રીપોર્ટને જોયા બાદ ધરપકડ કરવાનો આદેશ આપ્યો હતો

દમણ : સંઘપ્રદેશ દમણમાં માર્ગ અકસ્માતમાં વાપીના વકીલ પુત્રનું કરૂણ મોત નિપજ્યા બાદ આખરે 69 દિવસ બાદ અકસ્માત કરનાર આરોપીની પોલીસે ધરપકડ કરી છે. 4 જાન્યુઆરી-2026 ના રવિવારે વહેલી સવારે વાપીના વકીલ સોનલબેન રાજપૂતનો એકનો એક દિકરો ક્રિશ ધર્મેશભાઈ રાજપૂત તેની કારમાં દમણ તરફ જઈ રહ્યો હતો. આ દરમ્યાન ખારીવાડ પાસે રોંગ સાઈડથી પુરપાટ ઝડપે આવતી સ્કોર્પિયો કારના ચાલક કેયુર પટેલ (રહે. તળાવ ફળિયા, વટાર, વાપી) એ ક્રિશની કારને અડફેટે લેતા ગંભીર અકસ્માતમાં ક્રિશનું ઈજાઓને કારણે ઘટના સ્થળે જ કમકમાટી ભર્યું મોત નિપજવા પામ્યું હતું. જ્યારે ઈજા પામેલા કેયુર પટેલને વાપીની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. બનાવને પગલે પોલીસે મૃતકના પરિજનોની ફરિયાદને પગલે કેયુર પટેલ સામે ગુનો દાખલ કરીને તપાસ શરૂ કરી હતી. આ અંગે મૃતકના પરિજનોએ યોગ્ય ન્યાયની માંગ સાથે પ્રદેશના પ્રશાસક સહિત પોલીસ વિભાગના આઈ.જી. અને એસ.પી. સુધી રજુઆત કરી હતી. ત્યારે આ કેસની સુનાવણી દરમ્યાન કોર્ટના જજે 9 ફેબ્રુઆરીના રોજ નમો હોસ્પિટલ સેલવાસના આરોપીના મેડિકલ રીપોર્ટને જોયા બાદ તેની ધરપકડ કરવાનો આદેશ આપતા પોલીસે આરોપી કેયુર પટેલની 13 માર્ચે ધરપકડ કરી જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે. ત્યારે 69 દિવસ બાદ આખરે જેલના સળિયા પાછળ ધકેલાતા મૃતકના પરિજનોએ કોર્ટનો આભાર વ્યક્ત કર્યો હતો. આ કેસ અંગે મૃતકના માતા-પિતા અને પરિજનો સંપૂર્ણ ન્યાય માટે કાયદાકીય લડત ચાલુ રાખી રહ્યા છે.

## સંક્ષિપ્ત સમાચાર

### પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના હસ્તે ડાંગમાં ૧૭૫માં હનુમાન મંદિરનું લોકાર્પણ




સાપુતારા : ડાંગ જિલ્લામાં 'ડાંગ પ્રયાગ હનુમાન યાગ' અંતર્ગત નિર્મિત થઈ રહેલા ૩૧૧ હનુમાન મંદિરો પૈકી ૧૭૫માં મંદિરનો લોકાર્પણ સમારોહ પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના હસ્તે ઇસદર ગામે ભક્તિભાવપૂર્વક યોજાયો હતો. પ્રકૃતિના સાંનિધ્યમાં આયોજિત આ કાર્યક્રમમાં પૂર્વ રાષ્ટ્રપતિએ જણાવ્યું કે, પ્રકૃતિ આપણને અનુશાસન શીખવે છે અને ડાંગનું વાતાવરણ સાચા સુખનો અહેસાસ કરાવે છે. તેમણે હનુમાનજીને 'સંકટ મોચન' ગણાવી પોતાના જીવનના ઘડતરમાં તેમની ભક્તિનો મહિમા વર્ણવ્યો હતો. રાજ્યસભા સાંસદ ગોવિંદભાઈ ધોળકિયાના ૩૧૧ મંદિરોના ભગીરથ સંકલ્પને બિરદાવતા તેમણે દીકરીઓના શિક્ષણ પર પણ ભાર મૂક્યો હતો. આ પ્રસંગે પ્રયોશા પ્રતિષ્ઠાનના સંસ્થાપક પી.પી. સ્વામીજીએ જણાવ્યું કે, આ મંદિરો દ્વારા ગામડાઓમાં વ્યસનમુક્તિ, એકતા અને સંસ્કારોનું સિંચન થઈ રહ્યું છે. લોકાર્પણ સમયે પૂર્વ રાષ્ટ્રપતિના પરિવારજનોએ આદિવાસી સંસ્કૃતિ મુજબ ધાન્યની ટોકરી માથા પર ધારણ કરી ધન્યતા અનુભવી હતી. આ પ્રસંગે ધારાસભ્ય વિજયભાઈ પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

### ઉમરગામ UIAની ચૂંટણીમાં 27 ઉમેદવારો મેદાનમાં

ઉમરગામ : ઉમરગામ UIA ની ચૂંટણીમા ફોર્મ પરત ખેંચવાના છેલ્લા દિવસે 4 જણાએ ઉમેદવારી પરત ખેંચતા હવે 27 ઉમેદવારો મેદાનમાં રહ્યા છે અને બે પેનલો વચ્ચે ચૂંટણી જંગ જામશે. ઉમરગામ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન UIA ની 15 એક્ઝિક્યુટિવ કમિટીની બેઠકો માટે આગામી 27 માર્ચના રોજ ચૂંટણી માટે મતદાન થવાનું છે. ઉમેદવારી પત્રક પરત ખેંચવાની અંતિમ તારીખ 15 માર્ચ હતી અને આ છેલ્લી તારીખે ચિરાગ ચંદન, પ્રવિણ જૈન (ચંદન સ્ટીલ લિમિટેડ) અને કેતન પંચાલ (કીલુ ફેબ્રિકેટર્સ) અને શાહ વિવેક (શુભલક્ષ્મી મેટલ એન્ડ ટ્યુબ્સ પ્રાઇવેટ લિમિટેડ) નાએ ઉમેદવારી પરત ખેંચી લીધી હતી. આ ચૂંટણીમ હવે 27 ઉમેદવારો મેદાનમાં છે જેમાં ભગવાનભાઈ ભરવાડ, કેયુર ભટ્ટ, ચોરસિયા રત્નેશ્વર, ગાંધી મયુર, અશોક ગુપ્તા, અનુપભાઈ, નીતિન હીરાની, નિલેશ જૈન, નવીન મંગે, ધર્મેશ નાયક, શ્યામ વિઝન,નીરજ પુઠાવાલા, બ્રિજ ગોપાલ, રમેશ જૈન, બંથિયા નરેશ, જૈન સમ્યક, બિનલ કાપડિયા, કિરીટ પંચાલ, વિપુલ પંચાલ, રાવ શેશગીરી, શાહ આશિષકુમાર, શાહ ધીરેન્દ્ર, શાહ મેહુલ, મુસા શેખ, પ્રશાંત થંમન, તાહેર વોહરા અને પ્રકાશ વર્મા મેદાનમાં છે યુવા ઇન્ડસ્ટ્રીયલ ટીમ અને નરેશભાઈ બંથિયા (માજી યુઆઈએ પ્રમુખ )ની ટીમ આ બે પેનલો વચ્ચે ભારે રસાકસી રહેવાની શક્યતા જોવાઈ રહી છે. બંને પેનલો ચૂંટણી જીતવા એડી ચોટીનું જોર લગાવશે.

### વાપી ટાઉનમાંથી ૧૪ વર્ષનો કિશોર ગુમ થયો

વાપી : વાપી ટાઉન વિસ્તારમાં ૧૪ વર્ષનો એક કિશોર ગુમ થતાં વાપી ટાઉન પોલીસે અપહરણ અંગેનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. વાપી ટાઉન વિસ્તારનો ૧૪ વર્ષનો કિશોર ગુમ થયો હોવાથી પરિવારે તેના માટે વાપી ટાઉન પોલીસને જાણ કરતા વાપી ટાઉન પોલીસે ગુમ કિશોર અંગે અપહરણ અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## કપરાડા તાલુકાના એલ.આઈ સી. એજન્ટ સાથે છેતરપિંડી

**મોબાઇલ** ઉપર લિંક મોકલી એજન્ટ અને પત્નીના ખાતામાંથી રૂપિયા 1.90 લાખ ઉપાડી લીધા

વલસાડ : કપરાડાના કરજુન ગામે રહેતા અને LIC એજન્ટ તથા એગ્રો વેપારી યુવાન સાયબર ઠગાઈનો શિકાર બન્યા છે. ભેજાબાજ ઠગોએ મોબાઈલ હેક કરી એજન્ટ અને તેમની પત્નીના બેંક ખાતામાંથી 1.90 લાખ સેરવી લીધા હતા.

કરજુનના હનમત માલ ફળિયામાં રહેતા યશવંત રાઉતના મોબાઈલ પર રાત્રે ફોન આવ્યા હતા. બીજા દિવસે સવારે કુટુંબી છગન રાઉતે બીજા ફોન ઉપર ફોન કરી જણાવ્યું કે, તારો ફોન બંધ આવે છે, ત્યારબાદ મોબાઈલથી બીજાને ફોન કરતા મેસેજ આવ્યો કે સીમકાર્ડ બંધ કરાયો છે. જેથી ફોનમાં ફોન પે ખોલીને જોતા ફોન પે સાથે કનેક્ટેડ પત્ની મીનાબેનના એચ.ડી. એફ.સી. બેંક ખાતામાં ઓછું બેલેન્સ બતાવતા બેંકમાં પહોંચી તપાસ કરતા પત્નીના ખાતામાંથી રૂપિયા 90 હજાર કપાયા હોવાનું મેનેજરે જણાવ્યું હતું. જેથી સાયબર ક્રાઈમ ટોલ ફ્રી નંબર 1930 ઉપર ફરિયાદ નોંધાવી હતી અને બંધ કાર્ડ શરૂ કરાવ્યો હતો. બીજા દિવસે ફરી સીમ કાર્ડ બંધ કરાયાનો મેસેજ મળ્યો હતો. જે મુદ્દે જિયો કેરમાં પૂછતા ફોન ખોવાયો હોવાનું જણાવી સીમકાર્ડ બંધ કર્યો હોવાનું જણાવ્યું હતું.

બીજા નંબર ઉપરથી ઓ.ટી.પી. આપી હોવાનું જણાવી નંબર માંગતા નંબર આપ્યો તે અમારો ન હતો. ત્યારબાદ બંને ફોન પે સાથે લિંક ખાતા ખોલી જોતા એસ.બી.આઈ. ખાતામાંથી રૂપિયા 30 હજાર, 20 હજાર અને 25 હજાર મળી કુલ 75 હજાર અને પત્નીના ખાતામાંથી રૂપિયા 20 હજાર અને રૂપિયા 5 હજાર કપાયા હતા. જેથી સાયબર ક્રાઈમમાં રૂપિયા 1.90 લાખની છેતરપિંડી કોઈ અજાણ્યા ઈસમે કરી હોવાની ફરિયાદ નોંધાવી હતી. ઘટના અંગે કપરાડા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

### દાદરા ચેકપોસ્ટ ઉપર તાર વીંટાળેલા દંડા સાથે કારચાલક ઝડપાયો

વાપી : દાદરા ચેકપોસ્ટ પાસે ડુંગરા પોલીસ વાહનોનું ચેકીંગ કરતા હતા તે દરમિયાન કારમાં ૨૧ વર્ષનો યુવક મિત રાજુભાઈ ભુલાભાઈ કોળી પટેલ (રહે. ડુંગરા ચંદનવાડી બ્રહ્મદેવ મંદિર પાછળ)ની કારની તપાસમાં ડીકીમાંથી એક વાસના લાકડાનો દંડો જેના ઉપર તાર વીંટાળી ફીટ કર્યા હતા. યુવકને પૂછતા બરાબર જવાબ નહીં આપતા જાહેરનામા ભંગ અંગે પીએસઆઈ આર.બી.પરમારે જાતે ફરિયાદી બની ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

### બીલીમોરાના દેવસર ગામમાં કચરો સળગાવતા આગ ભભૂકી




બીલીમોરા : બીલીમોરા નજીક દેવસર ગામના મોટી દેવસર ફળિયામાં રવિવારે સાંજે કચરો સળગાવતા અચાનક આગ પ્રસરી જતા અફરાતફરી મચી ગઈ હતી. જોકે ગ્રામજનોની સમયસૂચકતા અને તાત્કાલિક પ્રયાસોને કારણે આગને ટૂંકા સમયમાં કાબૂમાં લઈ લેવામાં આવી હતી. રવિવારે સાંજે અંદાજે સાડા પાંચ વાગ્યાના સમયે કોઈક દ્વારા સળગાવવામાં આવેલા કચરામાંથી નીકળેલી આગ પવન સાથે નજીકની ઝાડીઓ અને સૂકા ઘાસમાં પ્રસરી ગઈ હતી. થોડી જ વારમાં સૂકા પાંદડા અને ઝાડીઓ ભડભડ સળગી ઉઠતાં આગ વિકરાળ સ્વરૂપ ધારણ કરે તેવી સ્થિતિ સર્જાઈ હતી. આગ લાગ્યાની જાણ થતાં જ ગામના યુવાનો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ગ્રામજનોએ ઘર વપરાશની મોટરો ચાલુ કરી પાણીનો મારો ચલાવી આગ બુઝાવવાના પ્રયાસો હાથ ધર્યા હતા. આશરે અડધા કલાકની જહેમત બાદ ગ્રામજનો આગને કાબૂમાં લેવામાં સફળ રહ્યા હતા. સદભાગ્યે આ બનાવમાં કોઈ જાનહાનિ કે મોટી નુકસાની થઈ ન હતી.

### લવાછામાં બે વાહનો દ્વારા સ્ટન્ટ કરનારા ચાર સામે કાર્યવાહી

વાપી : સોશિયલ મીડિયા ઉપર કારના સનરૂફમાંથી બહાર નીકળી કેટલાક ઈસમો વિડીયો ઉતારતા હતા અને એક કાર પૂરઝડપે હંકારી બે વાહનો દ્વારા જોખમી સ્ટન્ટ કરતો વિડીયો અપલોડ થયો હતો. જે બાદ વાપી ડુંગરા પોલીસે વિડીયોના આધારે તપાસ કરી કારચાલક અશ્વિન તિવારીને ઝડપી પાડ્યો હતો. તેણે જણાવ્યું કે, મિત્ર અખિલેશ તેની કાર લઈ લવાછા પટેલ ફળિયાથી સેલવાસ જતા હતા તે દરમિયાન સનરૂફમાંથી સંકેત બહાર નીકળી વિડીયો ઉતારી ઈન્સ્ટાગ્રામમાં મૂકવા માટે વીકીને કહ્યું હતું. માર્ગ ઉપર જોખમી સ્ટન્ટ કરનારા બંને કારચાલક તથા કાર ઉપર બેસનાર અને વિડીયો બનાવનાર (1) ડ્રાઈવર અખિલેશ યાદવ (રહે. લવાછા), (2) ડ્રાઈવર અશ્વિન તિવારી (રહે. સેલવાસ) (3) સંકેત ઢોકે અને (4) વીકી માલાકર સામે વાપી ડુંગરા પોલીસે ગુનો નોંધ્યો હતો.

